# ગુજરાતી બાળસાહિત્યનો ઈતિહાસ અને વર્તમાન

ધ્રુવાબેન વિશ્વનાથભાઈ ભટ્ટ
પીએચ.ડી. સ્કોલર,
ગુજરાતી ભાષાસાહિત્ય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**સારાંશ**

*આપણા ભારત દેશમાં પ્રાચિનકાળથી જ બાળસાહિત્ય લખાય છે. તેમાં પંચતંત્ર, કથાસરિત્સાગર, હિતોપદેશ, નીતિકથાઓ તથા લોકકથાઓનો સમાવેશ થાય છે. પંચતંત્રતો એક એવી અનોખી કૃત્તી છે કે તેનો જોટો આખા વિશ્વમાં મળતો નથી, એટલે જ તો દેશ-વિદેશની લગભગ તમામ ભાષામાં તેનો અનુવાદ થયેલો છે. બાળસાહિત્યનાં સર્જનનાં કેન્દ્રમાં બાળક હોય છે. તેના વ્યક્તિત્વ વિકાસમાં, જીવન ઘડતરમાં અને નૈતિક્તાનાં મૂલ્યો શિક્ષણ દ્વારા પ્રસ્થાપિત થતાં હોય છે. હાલ, કાર્ટૂન દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન અપાય છે. બાળસાહિત્યમાં બાળગીતો, બાળવાર્તાઓ, બાળનાટકો, બાળનિબંધો વગેરે જેવા પ્રકારોમાં રચાયુ હોય તેમાંથી સહજ બાળઆનંદ પ્રગટતો હોય, તેમાં ક્યારેય સીધો ઉપદેશ કે બોધ કે શિખામણ ન હોય.*

**મુખ્ય શબ્દો:** *ગુજરાતી બાળસાહિત્ય, ઈતિહાસ, વર્તમાન, પંચતંત્ર, કથાસરિત્સાગર, હિતોપદેશ, નીતિકથાઓ, કાર્ટૂન.*

## ૧. પ્રસ્તાવના

બાળકનો વિકાસ પરિવાર અને સમાજ વચ્ચે થાય છે. જ્યારે બાળસાહિત્ય બાળકોનાં વિકાસની સાથે-સાથે સંસ્કારોનું ઘડતર પણ કરે છે. બાળસાહિત્ય બાળકનાં જન્મથી લઈને પંદર વર્ષ સુધીની અવસ્થામાં તેના મન, વિચાર અને કલ્પનાને યોગ્ય ઢાળ આપીને ગામ માટે, રાજ્ય માટે એમ રાષ્ટ્ર માટે નવી સુસંસ્કૃત, સુદ્રઢ પેઢી તૈયાર કરવાનું કામ કરે છે. આજનો યુગ છે તે આધુનિકયુગ છે. આજનાં બાળકો ટેલિવિઝન, કોમ્પ્યુટર અને કોમિક્સ પર વધારે આકર્ષિત છે. ટેલિવિઝન પર આવતી જુદી-જુદી ચેનલો જેવી કે કાર્ટૂન નેટવર્ક, બેબી ટી.વી., હંગામા ટી.વી., પોગો વગેરે ચેનલો દ્વારા બાળકો મનોરંજન મેળવે છે. ટેલિવિઝનમાં આવતી ચેનલો દ્વારા બાળકનો સંપૂર્ણ શારિરીક વિકાસ તેમજ માનસિક વિકાસનો નવો પંથ રચાયેલ છે.

જ્યારે બાળસાહિત્યમાં આવતાં જોડકા દ્વારા બાળક તેમાં સામિલ થાય છે, અને સાથે-સાથે રમતાં-રમતાં તે ગાય પણ છે, જ્યારે ટેલિવિઝનનાં માધ્યમથી મેળવાતા મનોરંજનમાં આવું હોતું નથી. બાળક માત્ર એક જગ્યાએ બેસીને ટેલિવિઝન જોયા રાખે છે, જેથી બાળકોમાં શારિરીક કસરતનો અભાવ જોવા મળતો હોય, બાળક ચિડીયુ, જીદ્દી બની જાય છે. આમ જોઈએ તો 'બાળસાહિત્ય' એવું નામ પાડીને નહીં પણ છતાં તેનો છેડો પંચતંત્ર, હિતોપદેશની તથા અન્ય પુરાણો અને ધાર્મિક ગ્રંથો જેવા કે રામાયણ, મહાભારત, ભાગવતમાંથી નીકળે છે. તે ઉપરાંત મધ્યકાળના આપણા સાહિત્યમાં કે લોકસાહિત્યમાંથીયે મળી આવે છે. છતાં આપણે સ્વીકારવું રહ્યું કે અંગ્રેજશાસનકાળમાં બાળસાહિત્યની

વિભાવના પશ્ચિમની કેળવણીના આધારે અસ્તિત્વમાં આવી. પરંતુ હકીકતે તો બાળસાહિત્ય તો સેંકડો વર્ષથી પ્રચલિત હતું જ.

**૨. હેતુ**

ગુજરાતી બાળસાહિત્યનો ઇતિહાસ અને વર્તમાન જાણવાથી તેમાં રહેલ ખૂબીઓ-ખામીઓ જાણવી તથા સૂચનો રજૂ કરવાથી ખામીઓનું નિરાકરણ આવશે.

**૩. સંશોધનની પદ્ધતિ**

આ અભ્યાસ, સંશોધનની સૈદ્ધાંતિક પદ્ધતિ અને ફક્ત ગૌણ માહિતી કે જે બાળસાહિત્ય સર્જક-સંશોધકનાં પુસ્તક પરથી અને વર્તમાનપત્રોના લેખોના ઉપયોગથી કરાયેલ છે.

**૪. ગુજરાતી બાળસાહિત્યનો ઇતિહાસ**

ગુજરાતમાં ઈ.સ. ૧૮૨૬માં એટલે કે ૧૯મી સદીના ત્રીજા દાયકામાં શાળાઓની સ્થાપના થતાં કેળવણીના શ્રી ગણેશ મંડાયાં. એ કાળે આપણું ગુજરાત મહારાષ્ટ્રમાં ભળેલું હતું. મુંબઈના ગવર્નર જોન માલ્કમે સાર્વજનિક કેળવણી દેશી ભાષામાં આપવી જોઈએ એવું જાહેર કર્યું એટલે કે સુધારક યુગમાં સરકારી-બીન સરકારીના ઉપયોગ અર્થે હોપ વાંચનમાળાના પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં. એટલે તેના માટેની સામગ્રી ઈંગ્લેન્ડ-યુરોપના અંગ્રેજી સાહિત્યમાંથી તેમજ તત્કાલીન મરાઠી સાહિત્યમાંથી રૂપાંતરિત/ભાષાંતરિત થઈ ગુજરાતીમાં ઉતરી આવી. તેમાં કવિશ્રી દલપતરામનો ફાળો મુખ્ય રહ્યો. તેમણે ‘ઓ ઈશ્વર ભજીએ તને.....’, ‘એક અડપલો છોકરો, જીવો જેનું નામ.’ વગેરે જેવી અનેક બાળભોગ્ય કવિતાઓ આપી છે. તેથી કહી શકાય કે ગુજરાતી બાળસાહિત્યનો એ આરંભકાળ થયો ગણાય.

ઈ.સ. ૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યા ઈસપ નીતિકથાઓનું ભાષાંતર આપે છે. ઈ.સ. ૧૮૮૭માં ગોવિંદદાસ કાંટાવાળાએ ‘અંધેરી નગરના ગંધર્વસેન’ની લાંબી કથાઓ તથા તેમની ‘ટચૂકડી સો વાતો’ના સંગ્રહોએ બાળસાહિત્યની મૂલ્યવાન સેવા કરી છે.

આમ, સુધારક યુગના પ્રથમ તબક્કા પછી જેને આપણે પંડિતયુગ, સાક્ષરયુગ કહીએ છીએ તેમાં પણ બાળસાહિત્યનો વિકાસ ગુણવત્તાની રીતે યાદગાર છે. આ અરસામાં નાનાલાલ, ખબરદાર, નરસિંહરાવ, લલિત, વિઠ્ઠલરાય, આવસત્થી વગેરે સમૃદ્ધ બાળકવિતાઓ આપે છે.

ગિજુભાઈ ભગવાનજી બધેકાએ ભાવનગરની નાનાભાઈ ભટ્ટની સંસ્થા દક્ષિણામૂર્તિમાં રચનાત્મક રીતે બાળ કેળવણીના પ્રયોગો દ્વારા વિશિષ્ટ રીતે બાળસાહિત્યનુ સમાર્જન કર્યું. શિક્ષણના જૂનવાણી ખ્યાલોને તિલાંજલી આપી નૂતન વિચારસરણીથી કેળવણીનાં સર્વ અંગોપાંગોના વિકાસનું લક્ષ્ય સાધ્યું એ રીતે તેઓ નૂતન બાળકેળવણીના પ્રયોગકાર સર્જક બન્યા. ગિજુભાઈના આવા અદમ્ય ઉત્સાહે તારાબેન મોડક, મોંઘીબેન, કમળાબેન, શંકરભાઈ, હેમુભાઈ, વિષ્ણુભાઈ, ગિરીશભાઈ, નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, મૂળશંકર મો. ભટ્ટ, હરભાઈ ત્રિવેદી જેવાએ પણ રુચિ દાખવી બાળસાહિત્યમાં મહત્વનું યોગદાન કર્યું. “એમાંય હરિપ્રસાદ વ્યાસે બકોર પટેલ જેવું જીવંતપાત્ર આલેખ્યું છે. પેરિસમાં લુવ્ર પ્રદર્શનમાં બાળવાર્તાના જાણીતાં પાત્રો હોય એવાં પાત્રોનાં સ્ટેચ્યૂ મૂકેલાં છે. તેમાં બકોર પટેલનું સ્ટેચ્યૂ પણ મૂકેલું છે. ગુજરાતી બાળસાહિત્યની એ ગૌરવંતી ઘટના ગણાય.”[1]

---

[1]. મેકવાન, યોસેફ,’બાલસાહિત્યના પરિઘમાં’ પ્રકાશક : યોસેફ મેકવાન, આવૃત્તિ : પ્રથમ, વર્ષ : ૨૦૧૫, પેઈજ નં. ૭૮

સાહસ, શૂરવીરતા, સદ્‌ગુણોને હાસ્યમજાકનું જીવનમાં શું સ્થાન છે તેં દર્શાવતી બાળવાર્તાઓનો પણ સારો એવો ફાલ આ ગાળામાં ઉતર્યો છે. તેમાં નવનીત સેવક, દીનુભાઇ જોષી, હરીશનાયક, મધુસૂદન પારેખ, યશવંત મહેતા, રતિલાલ શાં. નાયક, શિવમ સુંદરમ્, ભાનુશંકરમ જોષી, ધીરજલાલ ગજ્જર, ઈશ્વર પરમાર, રક્ષા દવે, શ્રીકાંત ત્રિવેદી, જય ભિખ્ખુ, કુમારપાળ દેસાઇ વગેરેએ શિષ્ટભાષાના ઓપ વાળું મૂલ્યવાન બાળસાહિત્ય પીરસ્યું, જેણે બાળસાહિત્યની એક ઊંચાઈ સર કરી.

બાળકાવ્યો/બાળકથાઓની સાથોસાથ વીસમી સદીના ઉતરાર્ધમાં વિજ્ઞાન કથાઓનો ફાલ પણ સારો ઉતર્યો. વિજયગુપ્ત મૌર્ય, રશ્મિન મહેતા, નગીન મોદી, નરસિંહ મૂ. શાહ, નગેન્દ્ર વિજય, બંસીધર શુક્લ વગેરેએ બાળકોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિક્સે એવું મહત્ત્વનું સાહિત્ય પીરસ્યું.

આ અરસામાં જ બાળકોને પ્રેરણાદાયી થાય તેવી સાહસકથા, વિજ્ઞાનકથા, હાસ્યકથા, બોધકથાઓની ચિત્ર વાર્તાઓ પણ છવાઈ ગઈ હતી. તેમાં ચિત્રકાર રજની વ્યાસ, શિવ પંડ્યા, નટુભાઇ મિસ્ત્રી, વી. રામાનુજ જેવા ચિત્રકારોનું યોગદાન ખાસ ઉલ્લેખનીય છે.

બાળનાટ્ય ક્ષેત્રે લગભગ દુકાળીયા જેવી જ પરિસ્થિતિ રહી છે. ગિજુભાઇએ આંધળાનું ગાડું, ખેડૂતોનો શિકારી, ગાડી મારી ઘરરર જેવાં બાળનાટકો આરંભે આપેલા. આ ઉપરાંત ધૂમકેતુ, નાનાલાલ શાહ, ધીરજલાલ ગજ્જર વગેરેએ નોંધપાત્ર નાટકો આપેલાં છે. ચં.ચી.મહેતા, પ્રાગજી ડોસા, જીવરામ જોષીએ બાળકો ભજવી શકે તેવાં નવી શૈલીનાં નાટકો, પ્રકાશલાલાએ હળવાહાસ્યની રમૂજ ફેલાવતાં નાટકો આપેલ છે. આ બધા નાટકોમાં ઈન્દુ પુવારનાં પ્રયોગલક્ષી બાળનાટકો સારો આવકાર પામ્યા છે. આ ઉપરાંત વનલતા મહેતા, લીના સારાભાઈ, અમુલક ભટ્ટ, ચંદ્રકાંત ઠક્કર, ઈન્દ્ર વસાવડા, ધીરુબેન પટેલ, સા.જે.પટેલ વગેરેએ પણ વિષય વૈવિધ્યને રજૂઆતની દ્રષ્ટિએ નોંધ લઈ શકાય એવાં બાળનાટકો આપ્યાં છે.

જીવનચરિત્રો અને જ્ઞાનવિજ્ઞાન ક્ષેત્રે પણ સમ ખાવા પૂરતા નામો છે. જેમ કે ધનવંત ઓઝા, ઉષાબેન જોષી, કનુ રાવલ, દેવી મહેતા, બંસીધર શુક્લ, મનુભાઇ જોધાણી, વિજયગુપ્ત મૌર્ય, યશવંત મહેતા, નગીન મોદી, કીશોર પંડ્યા, સુશ્રુત પટેલ, અશ્વિન ચંદારાણા વગેરે છે. નિબંધો, પત્રો વગેરે પ્રકાર તો હજી અણબોટ્યા રહ્યાં છે.

બાળસાહિત્યમાં બાળસામયિકોનું મહત્ત્વનું યોગદાન હોય છે. બાળસામયિકોમાં વાર્તાઓ, કાવ્યો, ઉપરાંત જ્ઞાનની માહિતી, વિજ્ઞાનની, પ્રકૃત્તિની વગેરેની કેટકેટલી વાતો પ્રગટ કરવામાં આવે છે. એટલે પરોક્ષ રીતે એવાં સામયિકો શિક્ષણકાર્ય જ કરે છે. એમાં જરા પણ ખોટું કે ભૂલવાળું છપાય તો મોટુ નુકશાન થાય.

ઈ.સ. ૧૮૬૨માં સુરતથી 'સત્યોદય' નામનું ગુજરાતી ભાષાનું પ્રથમ બાળસામયિક શરૂ થયું. ત્યારથી આજદિન સુધી પ્રગટ થઇ ગયેલાં અને થઇ રહેલા સામયિકોનો ઈતિહાસ અનોખો છે.

'ગાંડીવ' સંસ્થા દ્વારા નટવરલાલ માળવી અને ઈશ્વરલાલ વિમાવાળાએ સુદ્ધકિશોર સાહિત્ય પ્રગટ કર્યું. નટવરલાલ માળવી પાસેથી બાળસાહિત્યનાં પચાસેક પુસ્તકો મળે છે. એ પૈકી 'ભીષ્મ અને યુધિષ્ઠિર (૧૯૨૬)' અને 'વિદુર

(૧૯૫૪)'માં સરળ ભાષામાં જે તે પાત્રોની જીવન વિષયકએ હાંસ એન્ડર્સનની પ્રખ્યાત કથા 'ટિન્કર બોક્ષ'નું રૂપાંતર છે. આ ઉપરાંત 'રશીદની પેટી' માંની દસ કથાઓમાં હાથી, વાઘ, માછલી, વાંદરો જેવાં પાત્રોની ચતુરાઇનું આલેખન મનોરંજકશૈલીથી થયું છે. 'તોફાની ટપુડો (૧૯૨૮)' અંગ્રેજી પર આધારીત બાળ પ્રાણીકથા છે.

સ્વાતંત્ર્યોતર પછી ગુજરાતી બાળસાહિત્યમાં સર્જન કરનારાઓમાં સૌથી મોખરે બાળસાહિત્ય શ્રી હરિશ નાયકનું છે તેમનાં સાહિત્ય સર્જનમાં 'કચ્છ અને બચ્છું', 'બુદ્ધી કોના બાપની ?', 'ટાઢનુ ઝાડ', 'મધપૂડો ગ્રંથમાળા' મળે છે. બાળવાર્તા નિમિત્તે લઘુનવલો રચવાનો પ્રાયસ પણ થયેલો છે. જેમાં ચંદ્રશંકર ભટ્ટ, મણીલાલ ઠાકર, શ્રદ્ધા ત્રિવેદી, મહેન્દ્ર ત્રિવેદી જેમાં શ્રદ્ધા ત્રિવેદીની 'દુર્ગાનો દીપક' કનૈયાલાલ જોશીની 'પ્રકાશનાં પારેવડા' યશવંત મહેતાની 'ખોવાયેલી દુનિયાની સફરે' જેવી લઘુનવલો પ્રસિદ્ધી પામી.

### ૫. ગુજરાતી બાળસાહિત્યનું વર્તમાન

આજના અરાજકતાભર્યા વાતાવરણમાંથી, શિક્ષણના ધોવાતા માપદંડો વચ્ચેથી, બાળસાહિત્ય દ્વારા આવનારી નવી પેઢીને સાચું જીવનદર્શન કરાવવું બાકી છે. આ ભગીરથકાર્ય છે. આનો વિચાર કર્યા વિના બાળસાહિત્યના મોટા ભાગના સર્જકો આજે પોતાનું અને બીજાનું લાખાયેલું જ ઘૂંટઘૂંટ કરે છે એ જ જૂના માપદંડો અને એ જ અલગ દ્રઢ થયેલી રૂઢિગત લેખનશૈલીની રીતરસમો અપનાવી ઉપદેશાત્મકતાને બોધાત્મકતામાં વિહરી રહ્યાં છે. વળી આજે એવું જોવામાં આવે છે કે મોટા ટાઈપ અને રંગબેરંગી ચિત્રોની સજાવટ કરી એટલે આધુનિક વાર્તા બની ગઇ. જે એક ભ્રમ છે. હજી આજે આપણે વયજૂથ પ્રમાણે બાળસાહિત્યની કેડી કંડારી શક્યા નથી.

આજે આપણે ઈલેક્ટ્રોનિક યુગમાં આવી ગયા છીએ. આ યુગનું હૃદય કોમ્પ્યુટર છે. ઈન્ટરનેટ તેની ધોરીનસો છે તેનાથી ધબકતા કોમ્પ્યુટરની અવનવી કરામતોથી ટીવી. પર ડિઝની, નીક, હંગામા, પોગો વગેરે જેવી બાળપ્રિય ચેનલો પરથી બાળકોના મનોરંજન સાથે જ્ઞાનગમ્મત અને માહિતી પીરસવામાં આવે છે.

એકવીસમી સદીના આરંભકાળ લગી રાજેન્દ્ર શાહ, ધીરુબેન પટેલ, રવીન્દ્ર ઠાકોર, પ્રીતમલાલ મજમુદાર, ચંદ્રકાંત શેઠ, રઘુવીર ચૌધરી, યોસેફ મેકવાન, હુંદરાજ બલવાણી, નટવર પટેલ, કરસનદાસ લુહાર, પ્રભુલાલ દોશી, કનૈયાલાલ રામાનુજ, ફિલીપ ક્લાર્ક વગેરેએ બાળકાવ્યો લખ્યા. શ્રદ્ધા ત્રિવેદી, લાભશંકર ઠાકર, ઈશ્વર પરમાર, ઉદયન ઠક્કર, લતા હિરાણી, ઘનશ્યામ દેસાઇ, રમેશ ત્રિવેદી, નિર્મિશ ઠાકર, કિરીટ ગૌસ્વામી વગેરેના નામોને ગણાવી શકાય.

બાળસાહિત્યના સર્જનના આ છેલ્લા દાયકામાં પોતાની સર્જનશક્તિનો પરિચય જેમણે કરાવ્યો છે તેવી લેખિકામાં ઉષા ઉપાધ્યાય, જાગૃત્તિ રામાનુજ, અરૂણા મિસ્ત્રી, લતા હિરાણી, નેહા કંસારા, પુષ્પા અંતાણી, તરલિકા મહેતા, બિપ્સી એન્જીનિયર, કાલિન્દી પરીખ, નીતા સમૈયા, સુલભા દેપુરકર વગેરેના નામો ઉલ્લેખનીય છે.

### ૬. તારણો

પુસ્તકો અને સમાચારપત્રોનાં લેખો પરથી આ જાણવા મળ્યું છે કે ;

૧. ગિજુભાઇ બધેકાનો ગુજરાતી બાળસાહિત્યમાં તેનો ફાળો ન ભૂતો ન ભવિષ્યતી છે, તેનો જોટો મળવો મુશ્કેલ છે.
૨. ઐતિહાસીક બાળવાર્તા, બાળનાટકોમાં ભૂત-પ્રેતની વાતો આલેખાયેલ છે, જેનાથી બાળકમાં અંધશ્રદ્ધા વિકસે છે.

૩. પહેલાના બાળસાહિત્યમાં સીધો ઉપદેશાત્મક બોધ આપવામાં આવતો હતો. જે બાળકને સમજાતો હોતો નથી.
૪. ગુજરાતી બાળસાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમની ઉણપ જોવા મળેલ છે.
૫. ગુજરાતી બાળસાહિત્યમાં પાત્રોનું સજીવારોપણ ઓછું જોવા મળેલ છે.
૬. રવાનુકારી શબ્દોનો પ્રયોગ ઓછો જોવા મળેલ છે જેમ કે તડ-ફડ, જટ-પટ જેવાં શબ્દોનો ઉપયોગ ઓછો જોવા મળેલ છે.

## ૭. સૂચનો

પુસ્તકો અને વર્તમાનપત્રોની માહિતી પરથી સંશોધક પાસે નીચેના સૂચનો છે જે ભવિષ્યનાં ગુજરાતી બાળસાહિત્યમાં નહીવત ખામી રહે તેને માટે મદદરૂપ થઇ શકે છે.

૧. હાલ, થ્રીડી ચિત્રનો જમાનો હોય, બાળકને પાત્રો જીવંત લાગે માટે, તેનો ઉપયોગ બાળવાર્તા, બાળનાટક, બાળકવિતા વગેરેમાં થવો જોઈએ.
૨. નવા વિષયવસ્તુ, નવી નિરૂપણ રીતિ, ભાષાના અવનવા પ્રયોગો, વયકક્ષા ભેદ પ્રમાણે જે તાજગીપૂર્ણ સાહિત્ય રચાવું જોઇએ.
૩. એકવીસમી સદીમાં બાળસાહિત્યનાં ઉંચા શિખરો સર કરવા હશે તો આપણા લેખનમાં, તેની રજૂઆતમાં નવી રીતરસમો અજમાવવી, વિજ્ઞાન અને ટેકનોલોજીનો અતરંગ જીવનમાં જે રીતે સમાવેશ થઇ રહ્યો છે તેના આધારે બાળકની કલ્પનાસૃષ્ટીને બાળવાર્તાઓ, સાહસકથાઓ, અવકાશકથાઓ, પ્રાણીપંખીકથાઓ, દરીયાઇકથાઓ વગેરેનું જીવંત આલેખન સરળ, બાળભોગ્યશૈલીમાં હોવું જોઈએ.
૪. બાળકમાં સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે સદ્‌ભાવપૂર્ણ સાહસવૃત્તિ ખીલે તેવું સાહિત્ય હોવું જોઈએ.
૫. ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં બાળકને રસરુચિ વધે તેવું બાળસાહિત્ય હોવું જોઈએ.
૬. બાળસાહિત્ય વયજૂથ પ્રમાણે હોવું જોઈએ.

## સંદર્ભ સૂચી

### પુસ્તકો

૧. પટેલ, નટવર. (૨૦૧૧). 'બાળસાહિત્ય: સમીક્ષા અને દર્શન (વિવેચન સાહિત્ય)', પ્રથમ આવૃત્તિ, નટવર પટેલ, અમદાવાદ.
૨. મેકવાન, યોસેફ (૨૦૧૫). 'બાળસાહિત્યના પરિઘમાં', પકાશક; યોસેફ મેકવાન, અમદાવાદ.
૩. મહેતા, યશવંત (૨૦૧૫). 'બાલસાહિત્ય મંથન', પ્રથમ આવૃત્તિ, પ્રકાશક; ગુર્જર પ્રકાશન.
૪. પરમાર, ઈશ્વર (૨૦૧૧). 'બાળસાહિત્ય સ્વાધ્યાય સમીક્ષા', પ્રથમ આવૃત્તિ, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
૫. ત્રિવેદી, રમેશ (૨૦૧૪).'બાળકથાના સમર્થ સર્જક: હુંદરાજ બલવાણી', પ્રથમ આવૃત્તિ, અવનિકા પ્રકાશન, અમદાવાદ, નવેમ્બર

### વેબસાઈટ

૧. https://www.divyabhaskar.co.in
૨. https://www.sandesh.com
૩. https://epaper.gujaratsamachar.com
૪. https://www.wikipedia.org
૫. https://www.youtube.com